અપીલ અરજી નં.૪૯૯ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પ્રકાશ બી.બાગુલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી.બાગુલની તા. ૨૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાડાકુવા,હુસેની મસ્જીદની સામે,બેગમપુરામાં આવેલ ઘર નં.૪/૧૩૯૦ના માલીક ગુલામ મોહંમદ રેતીવાલાએ તેનું જૂનું મકાન તોડી પ્લીન્થ(પાયાથી) નવું ચાર(૪) માળનું બાંધકામ શરૂ કરેલ છે આ નવું બાંધકામ કાયદેસર થઈ રહયું છે કે ગેરકાયદેસર ? તેની લેખિત માહિતી આપવા વિનંતી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૯/૨૦૧૧–૧૨

શ્રી પ્રકાશ બી.બાગુલ તા. ૨૮–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાડાકુવા, હુસેની મસ્જીદની સામે,બેગમપુરામાં આવેલ ઘર નં.૪/૧૩૯૦ના માલીક ગુલામ મોહંમદ રેતીવાલાએ તેનું જૂનું મકાન તોડી પ્લીન્થ(પાયાથી) નવું ચાર(૪) માળનું બાંધકામ શરૂ કરેલ છે આ નવું બાંધકામ કાયદેસર થઈ રહયું છે કે ગેરકાયદેસર ? તેની લેખિત માહિતી આપવા વિનંતી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૫૭ તા.૩–૧–૧૨ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ પણ નારાજગીના કિસ્સામાં આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૨૦૫૫ તા.૨૦–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ./૧૮૮૬ તા.૨–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ./૧૮૮૬ તા.૨–૧–૧૨ થી સમય અવધિબાદ માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ ખાડાકુવા, હુસેની મસ્જીદની સામે, બેગમપુરામાં આવેલ ઘર નં.૪/૧૩૯૦ના માલીક ગુલામ મોહંમદ રેતીવાલાએ તેનું જૂનું મકાન તોડી પ્લીન્થ(પાયાથી) નવું ચાર(૪) માળનું બાંધકામ શરૂ કરેલ છે આ નવું બાંધકામ કાયદેસર થઈ રહયું છે કે ગેરકાયદેસર ? તેની લેખિત માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકતે સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આ./૯ તા.૬–૪–૧૧ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે. બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તે અંગેની કોઈ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૨ સદરહુ બાંધકામની રજાચિઠ્ઠી મેળવવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાંધકામમાં ઝોનના પત્ર નં.સે.ઝોન/આ./૯ તા.૬–૪–૧૧ થી બાંધકામની રજાચીઠ્ઠી આપવામાં આવેલ છે. જેની નકલ રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.૩ સદરહુ બાંધકામનો શહેર વિકાસ ખાતામાં બાંધકામના નિયમો મુજબ પ્લાન પાસ કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના શહેર વિકાસ ખાતા ધ્વારા જી.ડી.સી.આરના નિયમ મુજબ પ્લાન પાસ કરવામાં આવે છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૪ સદરહુ બાંધકામનો કેટલા માળ સુધીનો પ્લાન મંજુર કરવામાં આવેલ છે? કેટલા માળ બાંધકામની મંજુરી શહેર વિકાસ ખાતાએ આપી છે? તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતમાં ભોંયતળિયા + ચાર માળથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૫ સદરહુ બાંધકામ સ્થળે બી.પી.એમ.સી. એકટના નિયમ મુજબ રોડ તરફ જગ્યા છોડવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકતને નિયમ મુજબ એલાઈમેન્ટ છોડવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.૬ ચાર માળનાં બાંધકામમાં નિયમ મુજબ પાર્કીગની જગ્યા છોડવામાં આવેલ છે કે કેમ? ઉપરાંત લીફટની કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? પાર્કીગની વ્યવસ્થા નિયમ મુજબ હોવી જોઈએ? હા કે ના તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલકતે નિયમ મુજબ પાર્કીગની જગ્યા છોડવામાં આવેલ છે. લીફટની વ્યવસ્થા કરવામાં આવેલ નથી. સેન્ટ્રલઝોન કક્ષાએથી ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. અભિપ્રાય કે કારણો આપવાના હોતા નથી. તેવુ જણાવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે ૩૦ દિવસ પુરા થયા છતા માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ. અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં. .આરટીઆઈ સેલ/ ૧૩૫૭ તા.૩–૧–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ પણ નારાજગીના કિસ્સામાં આધાર સહ સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. જે અંગે કોઈ રજુઆત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૮–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારને માહિતી નહીં મળી હોવાની રજુઆતને ધ્યાને લેતા તેની નકલ પુનઃ અરજદારને દિન–૭માં મોકલી અત્રે જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશ બી.બાગુલ